

# ભારતીય ક્રિકેટ કૉટ ઍન્ડ બૉલ્ડ સુપ્રીમ કૉર્ટ

**કવિ** કલાપીની પંક્તિ 'જે પોષતું તે મારતું' કંઇ કેટલીય પરિસ્થિતિમાં બંધબેસતી હોય છે. આજે હવે એને બીસીસીઆઇ સંબંધે સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદા સંદર્ભે ટાંકવાનું મન થાય. આ એ જ સુપ્રીમ કૉર્ટ છે જેણે થોડા વર્ષો પહેલાં બીસીસીઆઇમાં ધરમૂળથી સુધારા કરવા માટેના આર.એમ. લોઢા સમિતિની તમામ ભલામણનો શબ્દશઃ અમલ કરવાનો આદેશ આપીને ભલભલા ચમરબંધીની હવા કાઢી નાખી હતી. ભારતીય ક્રિકેટને રીતસરની ગટર બનાવી નાખી હતી તેના વહીવટકારોએ. આ વહીવટકારો એટલે મૂળમાં રાજકારણીઓ. દેશમાંના રાજકારણ કરતાય ગંદું રાજકારણ ક્રિકેટમાં આવી ગયું હતું. એમાં આશાનું કિરણ બન્યો ભૂતપૂર્વ સર્વોચ્ચ ન્યાયમૂર્તિ ટી.એસ. ઠાકુરના વડપણ હેઠળની બૅન્ચનો ચુકાદો. ક્રિકેટ બૉર્ડમાંના સ્થાપિત હિતોએ કંઇ કેટલા ઠેકડા માર્યા ને રિવ્યૂ પિટિશનો કર્યે રાખી પણ ઠાકુર ટસના મસ ન થયા. વિનોદ રાયના નેતૃત્વ હેઠળ વહીવટી સમિતિને બૉર્ડનો કારભાર સોંપાયો.

જોકે ભારતીય ક્રિકેટ જેવો મોટો દલ્લો જતો કરે રાજકારણીઓ? તેમણે ઠાકુરના નિવૃત્તિ પછી વધુ એક રિવ્યૂ પિટિશન કરી. ભારતના અદાલતી ઇતિહાસમાં બની ન એવી ઘટના બની. વર્તમાન સર્વોચ્ચ ન્યાયમૂર્તિ દીપક મિશ્રાની આગેવાની હેઠળની બૅન્ચે પિટિશન દાખલ કરીને પછી જે ચુકાદો આપ્યો એ તો ન્યાયતંત્ર પરથી વિશ્વાસ ઉઠાડી મૂકે એવો છે. તેમણે જસ્ટિસ લોઢાએ કરેલી મહત્ત્વની ભલામણોમાં એટલું બધું પાણી નાખી દીધું કે હવે તો આ આખી કવાયત અર્થહીન બની ગઇ. ખુદ જસ્ટિસ લોઢા ભડક્યા. તેમણે તો કહી નાખ્યું કે બીસીસીઆઇમાં સુધારાનો મૂળ પાયો જ ખસેડી નાખ્યો ચુકાદાએ.

ન્યાયમૂર્તિ લોઢાની બે ભલામણો હળવી કરાઇ જે નહોતી કરવી જોઇતી...ને હા, અગાઉના સીજેઆઇ ઠાકુરે વારંવાર સોઇ ઝાટકીને કહ્યું હતું કે લોઢા સમિતિની ભલામણોને હળવી નહીં જ કરાય. તો પછી કયો મોર કળા કરી ગયો કે આખો ચુકાદો જ ફરી ગયો? પહેલાં કઇ બે ભલામણો અસરહીન કરાઇ એ જાણીએ. એક તો એક રાજ્ય, એક મતની ભલામણ અને બીજી કૂલિંગ ઑફ્ફ પિરિયડની ભલામણ. પહેલી ભલામણને લીધે મુંબઈ ક્રિકેટ એસોસિયેશન અને ગુજરાતના ક્રિકેટ એસોસિયેશનોને લાભ થશે. મુંબઈ ક્રિકેટ એસોસિયેશન તથા ગુજરાતના ક્રિકેટ એસોસિયેશનો પર કયા વગદારોનું પ્રોક્સી રાજ ચાલે છે એ નામ અહીં લેવાની જરૂર નથી. જોકે કયો મોરલો કળા કરી ગયો એનો જવાબ છે રેલવે, યુનિવર્સિટી અને સર્વિસીઝના મતાધિકારને ફરી પ્રસ્થાપિત કરાયા છે એમાં. આ મતો સરકારના નિયંત્રણમાં છે. અગાઉના ચુકાદા મુજબ સરકારનું નિયંત્રણ સંપૂર્ણપણે નાબૂદ થઇ ગયું હતું. હવે નવા ચુકાદા પછી સરકારની ક્રિકેટમાંની મેલી રમત ફરી શરૂ થઇ જશે. ભારતીય ક્રિકેટમાં ફેલાયેલી ગંદકીનું મૂળ કારણ એ જ હતું અને હવે ભવિષ્યમાં પણ ફરી એ જ બનશે.

કોઇ પણ હોદ્દો છોડ્યા પછી અમુક સમય સુધી ફરી નવો હોદ્દો ન સ્વીકારવાની કૂલિંગ ઑફ્ફ પિરિયડની બીજી ભલામણનો એકડો કાઢી નાખ્યો સુપ્રીમ કૉર્ટે. જસ્ટિસ લોઢાની આ ભલામણ કરવા પાછળનો ઇરાદો હતો કે કોઇ ચોક્કસ વહીવટકારોના જૂથનો ક્રિકેટ બૉર્ડ પર એકાધિકાર ન સ્થપાય. જોકે કૉર્ટે એક હોદ્દો છ વર્ષ સુધી સંભાળવાની હા પાડીને ઇજારાશાહી માટેનો માર્ગ મોકળો કરી આપ્યો.

હતાશ કરી દેનારો ચુકાદો છે સર્વોપરિ અદાલતનો. રેલવે, યુનિવર્સિટીઓ અને સર્વિસીઝને રણજી ટ્રોફી જેની સ્થાનિક સ્પર્ધાઓમાં ટીમ મોકલવાની સત્તા તો અપાઇ જ હતી. પરંતુ તેમને મતાધિકાર નહોતો અપાયો જેથી સરકાર પરોક્ષ રીતે પોતાની હકૂમત ક્રિકેટ પર ચલાવી ન શકે. જોકે દીપક મિશ્રાજી સરકાર પર મહેરબાન થઇ ગયા અને તેમણે બધી છૂટ આપી દીધી.

આ ઉપરાંત એક રાજ્ય, એક મતની ભલામણને કચરાટોપલીમાં નાખીને પશ્ચિમ ઝોનને વધુ પડતી સત્તા આપી દીધી સર્વોચ્ચ અદાલતે. હવે મહારાષ્ટ્ર અને ગુજરાતના ત્રણ-ત્રણ મત થઇ ગયા. આની સામે બિહાર કે ઉત્તર પ્રદેશ જેવા રાજ્ય પાસે એક જ મત. માત્ર નિયંત્રણ જ નહીં પણ આર્થિક દૃષ્ટિએ પણ આ સદંતર અન્યાય છે. દરેક ક્રિકેટ સંગઠનને સરખે ભાગે ભંડોળ બીસીસીઆઇ ફાળવે છે. આમ મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યોને ત્રણ સંગઠનને હિસાબે બિહાર કે ઉત્તર પ્રદેશની સરખામણીમાં ત્રણ ગણું ભંડોળ મળશે અને ભૂતકાળમાં મળતું પણ હતું.

ઠાકુરની સુપ્રીમ કૉર્ટ બેન્ચે ચુકાદાની સમીક્ષાની ના પાડી અને હવે મિશ્રાની બેન્ચે હા પાડી. આને કારણે એક ભયાનક ચીલો ચાતરવામાં આવ્યો છે. પાછું કોઇ મિશ્રાના ચુકાદા સામેની રિવ્યૂ પિટિશન લઇને સુપ્રીમ કૉર્ટમાં જશે. તો શું સર્વોચ્ચ અદાલત વારંવાર એકના એક ચુકાદાની સમીક્ષા કર્યા જ કરશે? બીસીસીઆઇના ચુકાદાનો સવાલ છે ત્યાં સુધી મિશ્રાજી નિવૃત્ત થયા પછી કોઇ ફરી સુપ્રીમમાં જાય ને અદાલત ચુકાદો ઊલટાવે તો નવાઇ નહીં.

## એક્સ્ટ્રા અફેર | રાજીવ પંડિત

rajeev.pandit@bombaysamachar.com

# ગુજરાતમાં સવર્ણોને સહાય, આવા ટુકડાઓથી અસંતોષ દૂર ના થાય

**ગુજરાતમાં** ભાજપના નેતાઓની ઊંઘ હરામ કરી દેનારા હાર્દિક પટેલે પાટીદાર અનામત આંદોલનનો પલિતો પાછો ચાંપ્યો એ સાથે જ ભાજપ પણ પાછો જાગ્યો છે. ભાજપે પાટીદારો સહિતના સવર્ણોને પટાવવા માટે બિન અનામત વર્ગ આયોગ નામે તૂત ઊભું કર્યું છે. આ આયોગે શુક્રવારે પાટીદારો સહિતના સવર્ણોનાં છોકરાં-છોકરીઓને શિક્ષણમાં સહાય આપવાની ઢગલો યોજનાઓની જાહેરાત કરી નાંખી. આ જાહેરાતો પ્રમાણે અનામતનો લાભ ના મળતો હોય તેવી જ્ઞાતિઓનાં વિદ્યાર્થીઓને ભણવા માટે સસ્તા વ્યાજની લોનથી માંડીને ભોજન માટેની સહાય બિન અનામત આયોગ મળશે. એ સિવાય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે સહાયથી માંડીને સ્વરોજગાર માટે આર્થિક મદદ સુધીની જાહેરાત પણ કરી દેવાઈ. વિદેશમાં અભ્યાસ માટે જતા સવર્ણ વિદ્યાર્થીઓને ૧૫ લાખ રૂપિયા સુધીની લોન આપવાનું એલાન પણ કરી દેવાયું. જો કે આ બધી સહાયની જાહેરાતની સાથે મોચી શરતનું લટકણિયું પણ મૂકી દેવાય. શરત એ છે કે, પરિવારની આવક ત્રણ લાખ રૂપિયા કરતાં ઓછી હોવી જોઈએ.

ગુજરાતમાં વિજય રૂપાણી મુખ્યમંત્રી છે પણ એ નહીં બોલ્યામાં નવ ગુણ સમજીને ચૂપ જ રહે છે. તેના બદલે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને જ બધી માથાપચ્ચીસી માટે આગળ કરી દેવાય છે. આ જાહેરાતો કરવા પણ નીતિન પટેલને આગળ કરી દેવાયા. નીતિન પટેલ બોલવામાં કોઈને પહોંચવા દે એવા નથી ને બ્રેક લીધા વિના બોલવામાં તેમની મહારત છે. આ મહારતનું પ્રદર્શન કરીને તેમણે આ જાહેરાતો કરતી વખતે એવું ચિત્ર ઊભું કરી દીધું કે જાણે હવે ગુજરાતમાં અનામતનો લાભ નથી મળતો તેવા સવર્ણોમાં આર્થિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓએ ભણવા માટે કોઈ ચિંતા કરવાની જરૂર નથી, કોઈની સામે હાથ લંબાવવાની જરૂર નથી. નીતિન પટેલે ગુજરાતના સવર્ણો માટે હવે અચ્છે દિન આવી ગયા છે એવું ફૂલગુલાબી ચિત્ર રજૂ કરી દીધું.

વરને વરની મા વખાણે એ હિસાબે નીતિન પટેલ સરકાર વતી ફૂલગુલાબી ચિત્ર રજૂ કર્યું તો સામે હાર્દિક પટેલ સહિતના પાટીદાર અનામત આંદોલન ચલાવનારાંએ આ જાહેરાતોને ફગાવી દીધી. તેમના મતે સરકારે સવર્ણોને ફરી ઉલ્લુ બનાવ્યા છે ને પાછી લોલીપોપ પકડાવી દીધી છે. તેમની દલીલ એ છે કે, ગુજરાત સરકારે સવર્ણો માટે આયોગ બનાવવાની જાહેરાત કરી ત્યારે એવું ગાજર લટકાવેલું કે આર્થિક રીતે નબળા વર્ગના સવર્ણ વિદ્યાર્થીઓને અનામત મેળવતા બીજી જ્ઞાતિઓના વિદ્યાર્થીઓને જે લાભો અપાય છે તે લાભો અપાશે. સરકારે જે જાહેરાત કરી તેમાં એવું કશું તો છે જ નહીં. ઉલટાનું આ તો બેંકોની જેમ સરકારે વ્યાજે રૂપિયા ફેરવવાનો ધંધો શરૂ કર્યો છે.

હાર્દિક પટેલ આણિ મંડળી ભાજપ સામે પડેલી છે એટલે તેને આ જાહેરાતો માફક ના આવે એ સ્વાભાવિક છે. હાર્દિક પટેલ આણિ મંડળીને તો પાટીદારો માટે અનામત જોઈએ છે તેથી આ રીતે ફેંકાયેલા ટુકડામાં તેમને રસ ના પડે એ પણ વાભાવિક છે પણ તેમની વાત સાવ કાઢી નાંખવા જેવી પણ નથી. ભાજપ સરકારે જે જાહેરાતો કરી છે એ સાવ ચીલાચાલુ છે ને પાટીદાર જેવા ખમતીધર તથા ધિંગા સમાજ માટે તો ભીખ આપવા જેવી જ છે. પાટીદારોમાં આર્થિક રીતે નબળો વર્ગ નથી એવું નથી પણ આર્થિક કારણોસર કોઈ પાટીદારનો છોકરો ભણી ના શક્યો હોય એવું બનતું નથી. તેનું કારણ પાટીદારોની સંસ્થાઓ ને દાતાઓ છે.

પાટીદાર સમાજની સંસ્થાઓમાં રૂપિયાની રેલમછેલ છે ને આ બદી સંસ્થાઓ પોતાના સમાજનાં છોકરાંને ભણવા માટે પૈસા આપવાની વાત આવે ત્યારે પાછું વળીને જોતી નથી. પાટીદાર સમાજમાં એવા હજારો દાતાઓ પણ છે કે જે જરૂરીયાતમંદોને પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા આપવાની વાત આવે ત્યારે વિચાર કરવા ના બેસે. પાટીદાર સમાજનાં હજારો છોકરાં-છોકરીઓ આ રીતે ભણ્યાં છે. આ સરકાર તો ચાર ટકા વ્યાજે સહાય આપીને બહુ મોટો ઉપકાર કર્યો હોય એવી વાતો કરે છે ત્યારે પાટીદારોની સંસ્થાઓને દાતાઓ તો વગર વ્યાજે મદદ કરે છે. બલ્કે લખી વાળ્યા ખાતે ગણીને સહાય કરે છે. પૈસા લઈ જનારના રુદિયામાં રામ વસ્યો હોય ને પૈસા પાછા આપી જાય તો ઠીક. બાકી આપણે પુણ્ય કર્યાનો સંતોષ માનવાનો. પાટીદાર સમાજમાં લોકોની દાનત પૈસા ખાઈ જવાની નથી એટલે મોટા ભાગનાં લોકો દૂધે ધોઈને પૈસા આપી જાય છે તેના કારણે આ મહાયજ્ઞ સતત ચાલતો રહે છે. આ સ્થિતિ હોય ત્યાં ગુજરાત સરકારની જાહેરાતો બેવકૂફ બનાવવા જેવી લાગે તેમાં નવાઈ નથી.

ભાજપ સરકારે પાટીદારોને ઉલ્લુ બનાવ્યા છે તેવું લાગે એ માટે બીજું પણ કારણ છે. ભાજપ સરકારે આ પહેલાં પાટીદારોને પટાવવા માટે મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનાની જાહેરાત કરેલી. એ વખતે આવક મર્યાદા છ લાખ રૂપિયા રાખેલી ને હજુ એ યોજના અમલમાં છે જ. હવે નવી જાહેરાત કરી ત્યારે આવક મર્યાદા ઘટાડી નાંખી. આ આવક મર્યાદા હાસ્યાસ્પદ છે કેમ કે આજના જમાનામાં મહિને પચ્ચીસ હજારની કમાણી કંઈ જ નથી. ખાસ કરીને શહેરી વિસ્તારમાં તો આટલી કમાણી હોય એ પરિવાર ગરીબ નહીં પણ અતિ ગરીબ કહેવાય. આ સંજોગોમાં આ આવક મર્યાદાના કારણે મોટા ભાગના સવર્ણોને તેનો લાભ જ નહીં મળે. ઊલટાનું તેના કારણે સવર્ણોમાં અસંતોષની લાગણી વધારે પ્રબળ બનશે. તેનું કારણ એ કે અન્ય પછાત વર્ગ (ઓબીસી)માં ક્રીમિલેયર માટેની આવક મર્યાદા આઠ લાખ રૂપિયા છે. હવે ઓબીસીમાં આઠ લાખ રૂપિયા હોય એ ગરીબ ગણાય ને તેને અનામતનો લાભ મળે ત્યારે સવર્ણોમાં ત્રણ લાખ કરતાં વધારે આવક છે તેને સહાય પણ ના મળે તેથી અસંતોષ વધવાનો જ.

જો કે ભાજપ પાસે આ બધું કર્યા વિના છૂટકો નથી. ભાજપે આ બધું કરવું પડે છે તેનું કારણ હાર્દિક પટેલે શરૂ કરેલા ઉધામા છે. હાર્દિક પટેલે પાટીદારો અનામતની માગ માટે બાંયો ચડાવીને તૈયાર થાય એ માટે કાઠિયાવાડમાં વિજય સંકલ્પયાત્રા શરૂ કરી છે. આ યાત્રા પછી હાર્દિક પટેલ ૨૫ ઓગસ્ટથી અમદાવાદમાં આમારણાંત ઉપવાસ શરૂ કરવાનો છે. હાર્દિક એક વાર મેદાનમાં આવે પછી શું કરી શકે તેનો પરચો ભાજપને પહેલાં પણ મળી ચૂક્યો છે. હાર્દિકે ત્રણ વર્ષ પહેલાં અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં પાટીદારોની સભા બોલાવીને પચ્ચીસ લાખ માણસ ખડકી દીધેલું. હાર્દિકને ત્યાં લગી ભાજપવાળા ગણતરીમાં જ નહોતા લેતા પણ આ શક્તિપ્રદર્શન જોયા પછી ભાજપવાળા માટે જાગીને જોયું તો જગત દીસે નહીં જેવો ઘાટ થઈ ગયેલો. આ શક્તિપ્રદર્શનના કારણે ભાજપને રાજકીય રીતે મોટું નુકસાન ગયું. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપનું પડીકું થઈ ગયું ને વિધાનસભાની ચૂંટણીમાં પણ દોઢસો બેઠકોની વાતો કરનારો ભાજપ પૂરી સો બેઠકો પણ ના મેળવી શક્યો.

હવે લોકસભાની ચૂંટણી સામે છે ને હાર્દિક પાછો ઉધામો માંડ્યો છે ત્યારે તેના કારણે પાછું રાજકીય નુકસાન જાય એ ભાજપને પરવડે એમ નથી. વિધાનસભાની ચૂંટણીના પરિણામોના આધારે જ ત્રિરાશિ મંડાય તો પણ ભાજપ આઠ બેઠકો ગુમાવે. ભાજપે લોકસભાની ચૂંટણીમાં ફરી જીતવું હોય તો ગુજરાત સહિતનાં રાજ્યોમાં સપાટો બોલાવીને બધી બેઠકો જીતવી જરૂરી છે. અત્યારે પાણીના પ્રશ્નો ને ખેડૂતોની સમસ્યા તો છે જ ને તેમાં હાર્દિક પાછું પાટીદાર અનામતનું ડૂંગુ ચાંપે તો પાટીદારોમાં પાછી ભાજપ વિરોધી લાગણી પ્રબળ બને. ભાજપે એટલે જ હાર્દિકને ગમે તે રીતે રોકવાના ધમપછાડા શરૂ કર્યા છે ને સાથે સાથે પાટીદારો પાછા ભડકે નહીં એટલે તેમને પંપાળવાનું શરૂ કર્યું છે. તેના ભાગરૂપે હાર્દિકના ઉપવાસ શરૂ થાય એ પહેલાં તાબડતોબ આ જાહેરાતો કરી દેવાઈ પણ તેના કારણે ઊલટાનો અસંતોષ વધશે.

ભાજપ માટે પાટીદારોનો અસંતોષ દૂર કરવાનો શ્રેષ્ઠ રસ્તો તો તેમને અનામત આપવાનો જ છે પણ એ શક્ય નથી. બંધારણીય સુધારો કરીને પાટીદારોને અનામત આપી શકાય પણ પાટીદારોને આપવા જતાં બીજા સત્તર સમાજ ઝંડા લઈને ઊભા થઈ જાય એટલે એ રસ્તો પણ ભાજપને પરવડે એમ નથી. આ સંજોગોમાં ભાજપે આ મુદ્દાને બાજુ પર મૂકીને વિકાસના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એ મુદ્દો ભાજપને અત્યાર લગી ફળ્યો છે ને અત્યારે પણ ફળી શકે. બાકી અનામતના નામે કશું કરવામાં સાર નથી આવવાનો. ને કરવા ગયા કંસાર ને થઈ ગઈ થૂલી જેવો ઘાટ જ થઈને ઊભો રહેવાનો છે.

## સુખનો પાસવર્ડ | આશુ પટેલ

ashu.patel@bombaysamachar.com

# સંઘર્ષ અને દુઃખ અલગ-અલગ છે!

### ગરીબ ખેડૂતે દીકરાને ભણાવવા માટે જમીન વેચી નાખી

**ઝારખંડના** નાનકડા ગામ સાવરાના એક ગરીબ ખેડૂતની આર્થિક હાલત એવી હતી કે તેના ઘરના સભ્યો માત્ર ગોળ અને રોટી ખાઈને પેટ ભરતા હતા.

એક સમય એવો આવ્યો કે તે ખેડૂત પાસે રહેવા માટે ઘર નહોતું. તે ખેડૂત તેના કુટુંબ સાથે ભાડાના ઘરમાં રહેતો હતો, પણ એક સમયે ભાડું ભરવાના પૈસા પણ નહોતા એટલે તે ખેડૂતની પત્નીએ બે નાની દીકરી સાથે પોતાના ભાઈના ઘરે જતાં રહેવું પડ્યું.

એ વખતે તે ખેડૂતનો દીકરો પાંચમા ધોરણમાં ભણતો હતો. તે બહુ તેજસ્વી વિદ્યાર્થી હતો. ખેડૂતે દીકરાની સાથે મળીને ઈંટો અને ગારાનું કાચું મકાન જાતે બાંધ્યું અને બાપ-દીકરો એમાં રહેવા લાગ્યા.

તે છોકરાએ એસ.એસ.સી. સુધી અભ્યાસ કર્યો પછી તેના ગરીબ પિતાએ તેને આગળ ભણાવવાનો નિર્ધાર કર્યો. દીકરાએ કહ્યું કે આપણી પાસે પૈસા નથી તો હું કંઈ રીતે ભણીશ?

ગરીબ પિતાએ જવાબ આપ્યો, જરૂર પડશે તો હું મારી કિડની વેચી દઈશ, પણ તને ખૂબ ભણાવીશ.

તે છોકરાને આગળ અભ્યાસ માટે શહેરમાં જવું પડ્યું. તેના ખેડૂત પિતાએ પોતાની થોડી જમીન વેચીને તેના અભ્યાસ માટે પૈસા ઊભા કર્યા.

ખેડૂતના યુવાન બનેલા છોકરાના મનમાં આઈએએસ બનવાની મહત્ત્વાકાંક્ષા જાગી. તેના પિતાએ કહ્યું તું પૈસાની ચિંતા ન કરતો, બસ દિલ દઈને ભણતો રહે.

તે યુવાને ખૂબ તૈયારી કરીને યુપીએસસીની પરીક્ષા આપી. જો કે એમાં તે નિષ્ફળ રહ્યો. એ વખતે તેના પિતાએ કહ્યું કે તું મૂંઝાતો નહીં, તું કોશિશ ચાલુ રાખ. તેમણે તેમની બાકીની જમીન પણ વેચી નાખી અને દીકરાને ભણવા માટે પૈસા મોકલ્યા.

બીજી કોશિશમાં તે સફળ રહ્યો અને આઈએએસ બન્યો.

એક ટીવી ચેનલ પર તે યુવાનનો ઈંટરવ્યૂ જોયો. તેણે તેની સફળતાનું શ્રેય તેના પિતાને આપ્યું. ઈન્ટરવ્યૂઅરે તેને પૂછ્યું કે તમે જીવનમાં ઘણાં દુઃખો સહન કર્યા, ખરું ને? ત્યારે તે યુવાને જવાબ આપ્યો, મેં સંઘર્ષ કર્યો છે, મારા પર કોઈ દુઃખ નથી પડ્યા. દુઃખ તો એ છે કે માણસ પોતાના કુટુંબથી વિખૂટો પડી જાય કે કોઈ નજીકની વ્યક્તિનું અકાળ મૃત્યુ થાય. સંઘર્ષ અને દુઃખ વચ્ચે ઘણો તફાવત છે.

આ વાત છે આઈએએસ ઈન્દ્રજીત સિંહાની. અત્યંત ગરીબ ખેડૂતના પુત્ર હોવા છતાં તેણે આઈએએસ બનવાનું સપનું જોયું અને એ સપનું પૂરું કરવામાં તેના પિતાએ સિંહફાળો આપ્યો.

## આજનું પંચાંગ | પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### શનિવાર, તા. ૧૧-૮-૨૦૧૮ (દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ) દર્શ અમાવાસ્યા

● ભારતીય દિનાંક ૨૦, માહે શ્રાવણ, શકે ૧૯૪૦ ● વિક્રમ સંવત ૨૦૭૪, શા. શકે ૧૯૪૦, આષાઢ વદ-૩૦ ● જૈન વીર સંવત ૨૫૪૪, માહે તિથિ આષાઢ વદ-૩૦ ● પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૮૭ ● પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧લો ફરવરદીન સને ૧૩૮૮ ● પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૮૭ ● નક્ષત્રઃ આશ્લેષા મધ્યરાત્રે ક. ૨૪-૦૪ સુધી, પછી મઘા ● ચંદ્રઃ કર્કમાં મધ્યરાત્રે ક. ૨૪-૦૪ સુધી પછી સિંહમાં ● ચંદ્ર રાશિ પર જન્માક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ) ● મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ● ભરતી : સવારે ક. ૧૧-૫૬, મધ્યરાત્રે ક. ૦૦-૦૦. ● ઓટઃ સાંજે ક. ૧૭-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૨ (તા. ૧૨મી) ● સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૯, અમદાવાદ ક. ૬ મિ. ૧૫ સ્ટા. ટા. ● સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૪ સ્ટા. ટા. ● વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૪, 'સૌમ્ય' નામ સંવત્સર. શાલિવાહન શક ૧૯૪૦, 'વિલંબી' નામ સંવત્સર. આષાઢ વદ-અમાવસ્યા. દર્શ અમાવસ્યા, હરિયાલી અમાવસ્યા, દીપપૂજા, દિવાસાનું રાત્રે જાગરણ, ચિતલાગી અમાવસ્યા (ઓરિસ્સા), કરકટ પૂજા (કેરાલા), આદિ અમાવસ્યા (દક્ષિણ ભારત), ખંડગ્રાસ સૂર્યગ્રહણ (ભારતમાં નહીં દેખાય). સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન અશ્વ. ● શુભાશુભ દિન શુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે. ● મુહૂર્ત વિશેષ : અમાસકાલીન ગ્રહયોગો, શેરબજારમાં ઘટાડો, કીમતી ધાતુ સોનુ-ચાંદીના ભાવમાં વધારો થાય. લોકોનું સ્થળાંતર વધે. નિર્યાતમાં વધારો થાય. બાંધકામ, મિલકતોના વેચાણમાં વધારો થાય. વેપાર વધે. દીપદાનનો મહિમા આશ્લેષા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, તીર્થમાં ત્રિપિંડી શ્રાદ્ધ, નારાયણ બલિ શ્રાદ્ધ, તીર્થ સ્નાન, પૂર્વનો પ્રવાસ, વાવડિંગ ખાઈ પ્રારંભવો, ઔષધ ઉપચાર, માલ વેચવો, સર્પ પૂજા, ચંપાનો છોડ વાવવો. ● જૈન તિથિ નોંધઃ શ્રી અચલગચ્છીય (વિધિ પક્ષ) શ્વેતાંબર જૈન સંઘ મુજબ આજ રોજ શ્રાવણ સુદ-૧ અન્યત્ર જૈન તિથિ આષાઢ વદ -૩૦ ● આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ પ્રમાણિકતાની કસોટી થાય, ચંદ્ર-બુધ યુતિ ચપળ મન, બુધ-ગુરુ ચતુષ્કોણ બુદ્ધિપૂર્વકનો વિચાર કરે નહીં, ચંદ્ર-સૂર્ય યુતિ આધ્યાત્મિકતામાં ઉચ્ચ વિચારોની સાર્થકતા પામી શકે. ● ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ યુતિ, બુધ-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય યુતિ (આષાઢી અમાસ યોગ), ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં. ● શુકલ પ્રતિપદાનો ચંદ્રાસ્ત : રાત્રે ક. ૧૯-૧૯ ● ગ્રહ ગોચરઃ સૂર્ય-કર્ક, વક્રી મંગળ-મકર, વક્રી બુધ-કર્ક, ગુરુ-તુલા, શુક્ર-કન્યા, ● વક્રી શનિ-ધનુ, રાહુ-કર્ક, કેતુ-મકર, વક્રી હર્ષલ-મેષ, વક્રી નેપચ્યુન-કુંભ, વક્રી પ્લુટો-ધનુ.

## પ્રજામત

### રામરાજ્ય અને વાસ્તવિકતા

ભારતમાં દરેક ધર્મ તથા વિવિધ સંપ્રદાયનાં અનેક ધાર્મિક સ્થાનો આવેલાં છે. ધાર્મિક સ્થાનોનો મુખ્ય ઉદ્દેશ સામાજિક, શૈક્ષણિક તથા આધ્યાત્મિક વિકાસ કરવાનો હોય છે. પુરાતન સમયમાં ધાર્મિક સ્થાનોની મર્યાદિત સંખ્યા હતી. અયોધ્યામાં રામ મંદિર માટે સુપ્રીમ કોર્ટમાં કાર્યવાહી ચાલી રહી છે. સુપ્રિમ કોર્ટનો ચુકાદો સર્વ માટે સ્વીકાર્ય જ હોય છે. રામમંદિરનું જેમ મહત્ત્વ છે તેથી વિશેષ મહત્ત્વ 'રામરાજ્ય'નું હોવું જોઇએ. શ્રી રામ આદર્શ રાજા હતા.

મહાત્મા ગાંધીજીએ સત્ય તથા અહિંસાનાં શસ્ત્રોથી આઝાદી અપાવી હતી. અનેક ક્રાંતિકારીઓએ આઝાદી માટે બલિદાન આપ્યા છે. ગાંધીજીની ઈચ્છા હતી કે આઝાદી બાદ 'રામરાજ્ય' ની સ્થાપના થાય.

રામાયણમાં આદર્શ રાજ્ય વહીવટ માટે માર્ગદર્શન આપવામાં આવેલ છે. સંતો તથા કથાકારો પણ સત્સંગનાં માધ્યમથી 'રામરાજ્ય'ની સ્થાપના થાય તે માટે પ્રયત્નો કરી રહ્યા છે.

ગાંધીજીની ઈચ્છા મુજબ નું 'રામરાજ્ય' ની સ્થાપના થાય તે જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે. સરકારે સમાજનાં સામાન્ય વર્ગ તથા ગરીબ વર્ગને કેન્દ્રમાં રાખી ને જ નિર્ણયો લેવા જોઇએ. ધાર્મિક ક્ષેત્રમાં અંધશ્રદ્ધાનાં કારણે સમાજ ને નુકસાન થઇ રહ્યું છે.

રાજકીય ક્ષેત્રમાં સુધારાનાં અભાવે પ્રજાની સમસ્યાઓના ઉકેલ આવતા નથી. કોમવાદ, જ્ઞાતિવાદ, સગાંવાદ, પ્રદેશવાદ. જેવા દૂષણથી રાષ્ટ્રની પ્રગતિમાં અવરોધ ઊભા થઇ રહ્યા છે. આર્થિક સુધારા થાય તેની સાથે સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે પણ ''વિકાસ'' થવો જોઇએ.

લોકશાહી મજબૂત બને તે માટે ''ટોળાશાહી'' ઉપર અંકુશ મૂકવા જોઇએ. રાજકીય પક્ષોના નેતાઓના રોડ શો તથા રેલીઓ ઉપર પ્રતિબંધ મૂકવા જોઇએ.

– નટુભાઇ ઠક્કર
થાનગઢ, જિલ્લો સુરેન્દ્રનગર,
ગુજરાત – ૩૬૩ ૫૩૦

### ફેરિયાનો ત્રાસ અને ફેરિયાને ત્રાસ!

આજે શહેરી જીવનમાં એક બાજુ ઝૂંપડપટ્ટી વચ્ચે ને બીજી બાજુ જ્યાં નજર પડે ત્યાં ફેરિયાનો ત્રાસ. જ્યાં લોકોની અવરજવર વધારે ત્યાં ફેરિયા વધારે. લોકોને ચાલવું ભારે પડે તેટલી ગરદી. એક બાજુ ફેરિયાને બીજી બાજુ વાહનો વચ્ચે લોકો ભીંસાય છે.

મ્યુનિસિપાલિટી અમુક વિસ્તારને ફેરિયા વગરનો વિસ્તાર જાહેર કરે છે, પણ બીજે બધે તેનું તે જ. દેશના દરેક નાગરિકને પોતાની આજીવિકા રળવાનો હક છે એટલે ફેરિયાઓ પોતાનો માલ લઇ રસ્તા પર બેસે છે, પરંતુ મ્યુનિસિપાલિટીની ગાડી શા માટે અમુક જ ફેરિયા પર ત્રાટકે છે. એક જ વિસ્તારમાં બધા માટે સરખો ન્યાય નહીં ?

સિદ્ધિ વિનાયક મંદિર પાસે ઝાડ નીચે એક ટેબલ પર પાટિયું રાખીને નાળિયેર વેચતી બાઇને દર થોડા દિવસે આવી મ્યુનિ –ગાડી પાટિયુ લઇ જાય. હપ્તો ભરે એટલે બેસવા દે. તેના વરે કહ્યું, કેટલાય પૈસા આપવા પડે છે ને તે કોને કોને પહોંચે છે તે કોઇ જાણતું નથી. સ્ટેશનના કોર્નર પાસે કોઇને પણ આડા ન આવે તે રીતે ૩ થી ૪ કલાકમાં શાકભાજી ફળો વેચીને જતા રહે તેવાઓને તેને વારંવાર પકડવામાં આવે, તેનો માલ લઇલે.

દાદર સ્ટેશન પાસે બે નાની ૧૦ વર્ષની આસપાસની છોકરી પોતાના બાચકામાં કોથમીરની ઝૂડી રાખી ઊભી ઊભી ૫ રૂ. માં ઝૂડી વેચતી. મેં તેની પાસેથી કોથમીર લીધી. તેને પૈસા આપું તે પહેલા બન્ને છોકરી દોડી (મ્યુનિ. માણસને જોઇ). મારે પૈસા આપવાના બાકી હતા તેથી હું તેની પાછળ દોડી. બે ત્રણ માણસોએ નાની છોકરીને પકડી અને એક જમાદાર જેવી સ્ત્રી કહે આ છોકરીને તેના બાચકા સાથે લઇ લો.

મેં તે છોકરીને છોડાવી પણ તેનો સામાન તો લઇ જ ગયા. છોકરીઓ ખૂબ કરગરવા લાગી ને રડમસ થઇ ગઇ. તેની ૪૦ ઝુડી લઇ ગયા. તે છોકરીઓ ઘરે જશે ત્યારે તેની પર શું વીતશે તે સમજી શકાય તેવું છે.

ત્યાં મે અમુક લોકોને ટોપલા માથા પર લઇને ઊભેલા જોયા હતા. હું ઘરે આવી ત્યાં સુધી આખા રસ્તે હજારો ફેરિયાને આરામથી ધંધો કરતા જોઇને પેલી રડમસ છોકરીઓ યાદ આવી. મને થાય છે કે, તે છોકરીઓએ કોથમીરનું બાચકું ખભે ભરાવ્યું હતું ને ગુનેગાર નહોતી. તેની કોથમીર લૂંટવાનો કોઇને હક નથી. હું તેનો સામાન બચાવી ન શકી તેનો અફસોસ

– પ્રો. બિંદુ મહેતા
કામાલેન, ઘાટકોપર (વેસ્ટ),
મુંબઇ ૪૦૦ ૦૮૬

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા મિત્રોને ખાસ વિનંતી કે ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ અને ટેલિફોન અથવા મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈડી નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

## રાશિ કહે છે... | ॥ શુભમ્ ભવતુ ॥ રાજેન મહેતા

rajen.mehta@bombaysamachar.com

- મેષ(અ,લ,ઇ) તમારા બનાવેલાં સિદ્ધાંત ને પૂર્વગ્રહને કારણે હેરાન-પરેશાન થાવ, માનસિકરૂપે નબળા બનો
- વૃષભ(બ,વ,ઉ) તમારા કાર્યક્ષેત્રે ટૂંકાં અંતરની મુસાફરી થાય તેમાં પ્રિયપાત્ર મળતા પિકનિકમાં ફેરવાઇ જાય, કાર્ય પૂરાં થાય
- મિથુન (ક,છ,ઘ) તમારી આર્થિક સ્થિતિ વધારે-બિનજરૂરી ખર્ચાને કારણે નબળી બને, કામકાજ પર અસર થાય
- કર્ક (ડ, હ) તમારા રોજિંદા રૂટીન કાર્યમાં પ્રિયજનનો સાથ સહકાર મળતા કાર્ય જલદી ને સરળતાથી પૂરાં થાય.
- સિંહ (મ,ટ) તમારા પર આવેલી આપત્તિને કારણે તમારું મન ગેરકાયદેસર કાર્ય કરવા પ્રેરાય ને નાણાં વ્યય થાય
- કન્યા (પ,ઠ,ણ) તમારા વિશ્લેષણાત્મક સ્વભાવને કારણે તાત્કાલિક નફો કરી આપે તેવા જ ઓર્ડરો સ્વીકારો
- તુલા (ર,ત) તમારા સર્કલમાં સ્વભાવ મુજબ ઉપયોગી ને મદદકર્તા બનતા તમારું વર્ચસ્વ-મહત્ત્વ વધે.
- વૃશ્ચિક (ન,ય) તમારા કાર્યક્ષેત્રે સરળ લાગતા કાર્યમાં પરિશ્રમ કરવો પડે છતાં અધૂરું રહેતા થાકી જાવ.
- ધનુ (ભ,ફ,ધ,ઢ) તમારી સામે અણગમતી પરિસ્થિતિ આવતા કાર્ય કરવાનું મન ન થાય ને તેમાં અટવાયેલા રહો
- મકર (ખ,જ) તમારા કાર્યક્ષેત્રમાં વિકાસ ને વિસ્તાર માટે મુસાફરી કરો ને તેમાં સફળતા મળે, આર્થિક લાભ થાય
- કુંભ (ગ,સ,ષ,શ) તમારા પરિવારમાં આનંદજનક ઘટના બનતા ઉત્સવ સમું વાતાવરણ રહે, મહેમાનની પધરામણી થાય
- મીન (દ,ચ,ઝ,થ) તમારા મિત્રો સાથે અનબન થતા માનસિક ઉચાટમાં રહો, આર્થિક સંકડામણ ભોગવો